# માહે શાબાનની શ્રેષ્ઠ ઈબાદત

અલ્લાહતઆલા કુરઆને શરીફના સૂરએ અહઝાબની આયત નં.૫૬માં ફરમાવે છે "બેશક! અલ્લાહ અને તેના ફરિશ્તા નબી(સ.અ.વ.) ઉપર સલવાત મોકલે છે; માટે અય ઈમાનવાળાઓ! તમે પણ તેમના ઉપર સલવાત મોકલતા રહો અને સલામ કરતા રહો તથા સંપૂર્ણપણે સમર્પિત રહો."

આ આયતથી ખ્યાલ આવે છે કે મોઅમીનો ઉપર વાજિબ છે કે ખુદા અને મલાએકાની સાથે આ કામમાં શરીક થાય (એટલે કે સલવાત મોકલે) શીઆ અને સુન્ની સલવાતને મહત્વની ઈબાદત સમજે છે.

*** સલવાતના અર્થ:**

૧) ડીક્ષનરી મુજબ સલવાતનો અર્થ થાય છે ધ્યાન આપવું.

૨) અર્થ 'દુઆ' છે.

સલવાત અલ્લાહ તરફથી રહેમત, મલાએકાની તરફ બુલંદ દરજ્જાની દુઆ, ઈસ્તેગફાર અને લોકો તરફથી દુઆ છે.

૩) મુબારકબાદ આપવી અને વખાણ કરવા.

*** ઇતિહાસમાં સલવાતનો હુકમ :**

કુરઆને મજીદમાં મીસાક (વચન)ની આયતોથી ખબર પડે છે

અલ્લાહે દરેક નબીને મોહમ્મદ(સ.અ.વ.) વ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના બારામાં તેની કૌમને જાણ કરવાનો હુકમ આપ્યો હતો. જનાબે આદમ(અ.સ.)ની દુઆ પણ મોહમ્મદ(સ.અ.વ.) વ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના વસીલાથી કબૂલ થઇ.

બની ઇસરાઇલને પણ સલવાત પડવાનો હુકમ અલ્લાહે આપ્યો જયારે જનાબે મુસા(અ.સ.)એ અલ્લાહ પાસે તેમની તકલીફો અને પરેશાનીનો ઉલ્લેખ કર્યો હતો.

*** સલવાતની ફઝીલત :**

સલવાત પડવી એ એવી સુન્નત છે જેમાં ખુદ અલ્લાહ તઆલા અને મલાએકા શામેલ છે, મલાએકા આ કામને સતત અંજામ આપે છે અને આ એક એવી દુઆ છે જે કયારેય પણ રદ થતી નથી. સલવાત એક માત્ર એવો અમલ છે જેનો સવાબ ફરિશ્તાઓ ગણી શકતા નથી.

*** સલવાતના ફાયદા :**

હદીસોમાં છે કે જે શખ્સ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ઉપર એક વખત સલવાત મોકલે તો અલ્લાહ આંખના

પલકારામાં ફરિશ્તાને હુકમ આપે છે કે તે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ના હરમમાં જાય અને કહે કે ફલાણા શખ્સે તમો ઉપર સલવાત મોકલી છે. હઝરત રસૂલુલ્લાહ(સ.અ.વ.) તેને જવાબમાં કહે છે મારી સલવાત પણ તેની સુધી પહોંચાડો. આથી અંદાજો લગાવી શકાય કે એ શખ્સનો મરતબો કેટલો બુલંદ હશે કે જેના માટે માસુમ સલવાત પડી દે.

એક બીજી હદીસમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે ''જે કોઇ ખુશી અને મોહબ્બતથી દરરોજ સવાર સાંજ મારા ઉપર સલવાત પડે તો અલ્લાહ માટે જરૂરી છે કે તેને તે દિવસે માફ કરી દે.'' *(બેહારૂલ અન્વાર)*

હઝરત અલી(અ.સ.) ફરમાવે છે કે ''મોહમ્મદ(સ.અ.વ.) અને આલે મોહમ્મદ(અ.મુ.સ.) ઉપર સલવાત પડયા વગર દુઆ મુસ્તજાબ નથી થતી.''

એક દિવસ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ હઝરત અલી(અ.સ.)ને કહ્યું ''યા અલી ! શું તમો ચાહો છો કે હું તમોને ખુશખબરી આપું?'' હઝરત અલી(અ.સ.)એ કહ્યું ''જી હાં, મારા મા-બાપ આપ પર કુરબાન થાય. આપ હંમેશા સારી અને નેક કામની ખુશખબરી આપો છો.''

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ''જિબ્રઈલ

હમણા મારી પાસે આવ્યા હતા અને મને એક અજીબ વસ્તુની ખુશખબરી આપી.'' હઝરત અલી(અ.સ.)એ પૂછયું ''તે અજીબ વસ્તુ શું છે?''

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ કહ્યું ''તેઓએ કહ્યું કે તમારી ઉમ્મતનો જે કોઇ શખ્સ મોહમ્મદ(સ.અ.વ.) અને આલે મોહમ્મદ(અ.મુ.સ.) પર સલવાત પડે તો આસમાનના દરવાજા તેના માટે ખોલી નાખવામાં આવશે અને એક સલવાતના બદલામાં મલાએકાઓ ૭૦ (સિત્તેર) સલવાત તે શખ્સ તરફથી પડશે. જો તે ગુનેહગાર હશે, ખતાકાર હશે, તો ઝાડના પાંદડાની જેમ તેના ગુનાહ ખત્મ થઇ જશે અને અલ્લાહ તરફથી કહેવામાં આવશે અય મારા બંદા! હું હાજર છું અને તારા માટે સફળતા છે અને પછી અલ્લાહ પોતાના મલાએકાને કહે છે અય મારા ફરિશ્તાઓ તેના તરફથી ૭૦ (સિત્તેર) સલવાત પડો, હું તેના માટે સાતસો સલવાત પડીશ અને જે કોઇ મારા પર સલવાત પડે અને મારી એહલેબૈત પર સલવાત ન પડે તો તેની સલવાત અને આસમાન વચ્ચે ૭૦ (સિત્તેર) પડદા પડી જાય છે અને અલ્લાહ આવા શખ્સને કહે છે અય શખ્સ ન તારા માટે કોઇ ભલાઇ છે અને ન તો નેકી છે. હું તને કબૂલ નથી કરતો પછી ફરિશ્તાઓને

કહે છે અય ફરિશ્તાઓ! તેની સલવાત તે સમય સુધી ઉપર નહી લાવતા જયાં સુધી આ શખ્સ આલે મોહમ્મદ (અ.મુ.સ.)ને પોતાની સલવાતમાં શામિલ ન કરે.''

*(બેહારૂલ અન્વાર, ભાગ-૯૨, પેજ નં. ૫૬)*

અમુક હદીસોમાં 'અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિંવ વ આલે મોહમ્મદ'ની સાથે 'વ અજ્જીલ ફરજહુમ' પણ વર્ણવવામાં આવેલ છે. ઈમામે ઝમાના(અ.સ.)ની ગૈબતમાં આ રીતે પડવાનો પણ હુકમ આપવામાં આવેલો છે. આ સિવાય પણ સલવાતના બીજા ઘણા બધા ફાયદાઓ છે, પરંતુ ટૂંકાણ માટે અહી લખતા નથી.

*** સલવાત ન પડનાર :**

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ''જે શખ્સ મારા ઉપર સલવાત નથી પડતો તેના માટે દીન નથી.''

રિવાયતોમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)નું નામ આવે અને સલવાત ન પડે તેને આ લકબો આપવામાં આવ્યા છે.

૧) કંજુસ

૨) સૌથી મોટો ઝાલીમ

૩) કયામતમાં પસ્તાવાનું કારણ

૪) અલ્લાહથી દૂર થવાનું કારણ છે.

*(બેહારૂલ અન્વાર ભાગ-૬૪, પેજ નં. ૪૯, હદીસ-૭)*

# માહે શાબાનમાં સલવાતનો ખૂબજ સવાબ છે.

માહે શાબાનમાં પડવાની ખાસ દરરોજની સલવાત :

૧) સલવાતે શાબાનીય્યાહ

૨) સલવાતે ઝરરાબે ઈસ્ફેહાની

સૈયદ ઈબ્ને તાઉસ ફરમાવે છે કે આ સલવાત હઝરત મોહમ્મદ(સ.અ.વ.) વ આલે મોહમ્મદ(અ.મુ.સ.) ઉપર એ સલવાત છે જેને ઈમામે ઝમાના(અ.સ.)થી વર્ણવવામાં આવેલી છે.

આ સલવાત ઘણી કિંમતી છે. જુમ્માના દિવસે અસ્રના વખતે કોઈ દુઆ ન પડી શકાય તો આ સલવાતને કયારેય પણ છોડશો નહીં.

૩) 'અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિંવ વ આલે મોહમ્મદ'ને 'વ અજ્જીલ ફરજહુમ' સાથે પડવી.

અલ્લાહ પાસે દુઆ કરીએ કે આપણને વધારેમાં વધારે સલવાત પડવાની તૌફીક આપે અને ઈમામના ઝહુરમાં જલ્દી કરે.

ઈલાહી આમીન.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com